ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૭ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં વસંત સોળે કળાએ

માર્ગોની વચ્ચે એક સાથે રંગીન ફૂલો ઉગતા સુંદર દેશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં વસંતપંચમી બાદ નવસર્જનની ઋતુ શરૂ થઈ ગઈ છે. વૃક્ષોમાં નવચેતનનો નવયોવનનો સંચાર થઈ રહ્યો છે. શહેરના માર્ગોની વચ્ચે રંગબેરંગી ફૂલડાઓ નવપલ્લવિત થઈ ઉઠયા છે.ગ્રીનસીટીના માર્ગો વચ્ચે રંગબેરંગી ફૂલો એક સાથે જાજરમાન થઈ રહ્યા છે. લાલ, પીળા, ગુલાબી, સફેદ રંગોના ફુલો શહેરીજનોને આકર્ષિત કરી રહ્યા છે.

શહેરમાં વસંતની શરૂઆતથી જ ધરતીના અંગે અંગમાં અનેરી સ્ફૂર્તિનો સંચાર થઈ ઉઠયો છે. વસંતના આગમન સાથે જ વૃક્ષોના દેહમાં પ્રાણ પ્રગટી રહ્યા છે. તેમની ડાળીએ ડાળીએ, ફૂંપળો ફુટી રહી છે. વસંતઋતુમાં ઉપવનોમાં રંગબરંગી અને સુગંધી પુષ્પો ખીલી ઉઠયા છે. તેમના મનમોહક રંગો અને સુગંધ વસંતના અનુપમ સૌંદર્યમાં ઉમેરો કરી રહ્યા છે. કુદરતની શોભામાં અભિવૃધ્ધિ કરી છે. પતંગિયા અને મધમાખીઓ પુષ્પોની આસપાસ ઘુમરાવા લાગ્યા છે. ફુલે ફૂલે ભમરા ગુંજારવ કરી રહ્યા છે.

શહેરમાં ચારેબાજુ વસંતનું સામ્રાજય છવાઈ રહ્યું છે. આ ઋતુની સમધારણ આબોહવા જીવસૃષ્ટિને માટે આહલાદક હોય છે. શીતળ વાસંતી લહેરો અને સૂર્યના કોમળ કિરણોનો સ્પર્શ જીવનને તાજગીથી ભરી દે છે. વસંતઋતુ આપણને જીવનમાં પ્રેમ અને સૌંદર્યનું મહત્વ કેટલું છે તેનો ખ્યાલ આપે છે. વસંતઋતુ સાથે અન્ય કોઈ ઋતુની તુલના થઈ શકે ખરું પરંતુ વસંતના પ્રાકૃતિક વૈભવ

નહીં શરદનું પોતિકું સૌંદર્ય છે તે આગળ એ શીતળ સૌંદર્ય ફીક્કું લાગે છે. વર્ષાઋતુના વૈભવ કરતાં પણ વસંતનું માદક સૌંદર્ય વધારે આકર્ષક લાગે છે.

સઘળી ઋતુઓના રાજા વસંતનું પોતાનું ગૌરવ છે, દબદબો છે, પ્રભાવ છે અને કામણ પણ છે. પંચ ઈન્દ્રિયોને અસર કરતાં કામણમાં રસનું સૌંદર્ય, રંગનું સૌંદર્ય, સુગંધનું સૌંદર્ય, સૂરનું સૌંદર્ય અને સ્પર્શનું સૌંદર્ય સમાયેલું છે. આનંદ, ઉત્સાહ, ઉમંગ, ગીત, સંગીત, રંગ, સુગંધ, નાચગાન અને સૌંદર્યની જીવતી જાગતી મૂર્તિ એટલે વસંત. વસંતના સૌંદર્યને મનભરીને માણવા માટે ગાંધીનગરમાં ઘણા બધા સ્થળો છે. જયાં વસંતના સૌંદર્ય નિહાળી શકીએ તેમ છીએ. ગાંધીનગરમાં દરેક ઋતુનું અનેરું મહત્વ છે. દરેક ઋતુને આપણે નિહાળી શકીએ છીએ. આપણે જેમ વાર તહેવાર કે ઉત્સવ ઉજવીએ છીએ તેમ પ્રકૃતિ પણ એનો ઉત્સવ ઉજવે છે. પ્રકૃતિનું સૌથી રમણીય રૂપ જોવું હોય તો વસંતપંચમીના દિવસથી કુદરતને ધ્યાનથી નિહાળવી રહી. શહેરમાં આંબાઓ ઉપર મંજરીઓ ખીલી ઉઠી છે. માર્ગોએ જાણે રંગબેરંગી ફૂલોની ચાદર ઓઢી હોય તેવા દેશ્યોનો નજારો જોવા મળે છે. ગાંધીનગરમાં વૃક્ષોનું પ્રમાણ વધારે હોવાથી વસંત હોય કે પાનખર હોય સંપૂર્ણ રીતે નિહાળી શકીએ છીએ. મન મોહી લે તેવા પુષ્પો દ્વારા શહેરની રોનક બદલાઈ જાય છે. પાનખરમાં માર્ગો ઉપર ઠેર ઠેર પાંદડાઓનો વરસાદ થવાથી કચરો જોવા મળતો હતો જે હવે વસંતની મોસમમાં અલગ રંગીન મિજાજ જોવા મળી રહ્યો છે.

જન્મદિને વધામણી

એમ એમ શાહ

ડાહ્યાભાઈ પ્રજાપતિ
પ્રમુખ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦

રામદાનભાઈ ગઢવી
પ્રમુખ, ખોડિયાર માતાજી મંદિર ટ્રસ્ટ, સેકટર-૫
મો. ૯૮૨૫૮ ૫૦૯૯૨

પાર્થ જોશી
મો. ૯૬૩૮૬ ૭૮૪૮૦

અભિષેક બારડ
મો. ૭૦૧૬૯ ૪૬૦ ૬૮

ધનગૌરીબેન દેથલીયા

પત્રકાર એકતા સંગઠનની ૨૭મીએ ગાંધીનગરમાં બેઠક

ગાંધીનગર, તા.૨૪

પત્રકાર એકતા સંગઠન દ્વારા ૨૭મીએ સર્કિટહાઉસ, સેકટર-૨૦ ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજયના ૨૫થી વધુ જિલ્લાઓમાં કારોબારી ધરાવતા રાજયના એક માત્ર પત્રકાર એકતા સંગઠન દ્વારા તમામ જિલ્લા અને તાલુકા કક્ષાએ નવીન કારોબારીની રચના માટે બેઠકોનો દોર ચાલુ છે. સંગઠન શકિત આજના સમયમાં અનિવાર્ય બની છે. જિલ્લા કક્ષાએ ઘણા સંગઠનો જિલ્લા પૂરતાં ચાલી રહ્યાં છે. પરંતુ હવે સમય છે કે બધા એક છત્ર તળે આવીને રાજયકક્ષાનું એક મજબૂત સંગઠન ઉભું કરીએ. આપણું સંગઠન જિલ્લા કક્ષાએ વધુ મજબુત બને તે માટે ગાંધીનગર જિલ્લાની નવીન કારોબારીની રચના કરવા માટે ગાંધીનગર જિલ્લા અને તેમાં સમાવિષ્ટ તમામ તાલુકાઓના પત્રકારોની અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકનું આયોજન બપોરે ૩ થી ૫ કલાકે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર મિત્રોને ભરતસિંહ રાઠોડ (પ્રભારી) મો. ૯૫૭૪૪૭૩૭૭૭, કાદરભાઈ મેમણ (ઉપપ્રમુખ) મો. ૯૫૫૮૪૩૬૮૩૦ નંબર પર પોતાની ઉપસ્થિતિ રહેવા અંગેની જાણ કરવી જેથી સુચારુ રૂપે આયોજન કરી શકાય તેમ જણાવ્યું હતું.

મનપા ગાંધીનગરની સફાઈ કામદારોને ન્યાય આપવા દલિતસેનાની માંગ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોને ન્યાય આપવાની માંગ થઈ રહી છે. સફાઈ કામદારો છેલ્લા બે મહીનાથી સેકટર-૧૨ બગીચા પાસે પ્રતિક ઉપવાસ પર બેઠા છે. તેઓની માંગણી છે કે એમને કાયમી કરવામાં આવે. આ સફાઈ કામદારોની રૂબરૂ જઈને દલિત સેનાના સચિવ બાબુભાઈ મેસરવાલા, ગાંધીનગર જિલ્લાના પ્રમુખ ડૉ.ગુલાબચંદ પટેલ અને મહામંત્રી કાંતિભાઈ એડવોકેટ દ્વારા મુલાકાત કરવામાં આવી હતી. આ તમામ સભ્યોએ સફાઈ કામદારોને સાથ સહકાર આપવા જણાવ્યું હતું. ડૉ. ગુલાબંચદ પટેલે જણાવ્યું હતું કે આપની માંગણી સરકાર જરુર ધ્યાને લઈ આપને ન્યાય આપશે તેના માટે સૌએ ધીરજ રાખવી પડશે. મહામંત્રી કાંતિભાઈ પટેલે જણાવ્યું હતું કે અમે દલિતસેનાના પદાધિકારીઓ આપની સાથે છીએ આપને કોઈ જરુરિયાત હોય તો જણાવશો. બાબુભાઈ મેસરવાલાએ જણાવ્યું હતું કે આ સફાઈ કામદારોને ન્યાય નહીં મળે તો દલિતસેના આ આંદોલનમાં જોડાશે. સરકારને વિનંતી કરવામાં આવી હતી કે આ ૬૦ દિવસથી પ્રતિક ઉપવાસ પર સેકટર-૧૨ના ગાર્ડન પાસે આંદોલન કરી રહેલા સફાઈ કામદારોની માંગણી સંતોષીને જરૂરી ન્યાય આપે. આ સફાઈ કામદારોને જમવાની વ્યવસ્થા દલિત સેનાના પદાધિકારીઓ દ્વારા કરી આપવામાં આવી છે. સફાઈ કામદારોની વ્યથા સરકાર સાંભળે તેવી વિનંતી કરવામાં આવી હતી.

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાના ટેકનિકલ ડિરેકટર જતીન દવે અને ઈવેન્ટ કોઓર્ડિનેટર મિલાપ ટાટરિઆ ટાઈગરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી તથા મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા અને જરૂરી મુદ્દાઓને લઈને સંવાદ સાધ્યો હતો.

આજે સેકટર-૫-બીમાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૨૪

માં મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩ સીના મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો પ્રજ્ઞાબેન કે. પરમાર, સેકટર-૫-બી, પ્લોટ નં. ૬૯૨/૨, ખોડીયારમાંના મંદિર પાસે યોજાનાર છે. જે ૨૫મીએ બપોરે ૨થી ૫ કલાક સુધી આનંદનો ગરબો યોજાશે. સર્વે ભાવિ ભકતોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

રૂપાલ ગામમાં કેશલેસ સુવિધાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૪

રૂપાલ ગામમાં કેશલેસ સુવિધાનો પ્રારંભ થયો છે. આખા ગાંધીનગર જિલ્લામાં કેશલેસ સુવિધાનો સૌ પ્રથમ પ્રારંભ રૂપાલમાં કરવામાં આવ્યો છે. જેમાં રૂપાલ ગામના તલાટી કમ મંત્રી ગૌતમ બ્રહ્મભટ્ટે ૧૧૧ રૂપિયા લોકફાળો ઓનલાઈન જમા કરાવી કેશલેસ સુવિધાનો શુભારંભ કર્યો હતો. રૂપાલ ગામના સરપંચ અને સામાજિક ન્યાય સમિતિના ચેરપર્સનની ઉપસ્થિતિમાં કેશલેસ સુવિધાનો પ્રારંભ કર્યો હતો.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા યોજાઈ 'પ્રકૃતિ પ્રશિક્ષણ શિબિર'

ગાંધીનગર, તા.૨૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બને તે માટે માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહે આપેલ પ્રેરણાથી 'પ્રકૃતિ શિક્ષણ શિબિર'નું આયોજન વિદ્યાનિકેતન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. વનસંશોધન સંકુલ, ગાંધીનગર ખાતે દિનાંક ૨૨ તથા ૨૩ ફેબ્રુઆરીના રોજ આ શિબિર યોજાઈ ગઈ. જેમાં યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ તથા સમાજકાર્ય વિભાગના ૪૪ વિદ્યાર્થીઓ તથા રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો જોડાયા હતા. પ્રકૃતિ પ્રશિક્ષણ શિબિરના પ્રથમ દિવસે વિશાલભાઈએ વિદ્યાર્થીઓને પ્રકૃતિ અને પર્યાવરણને બચાવવા અંગે સમજ આપી હતી. વિવિધ પક્ષીઓના અવાજ ઓળખવા અંગે પણ તેમણે રસપ્રદ સમજૂતી આપી હતી ત્યારબાદ ફિલ્ડ વિઝિટ કરાવવામાં આવી હતી. સાંજના સમયે ગીત, સંગીત તથા ડિપાર્ટમેન્ટ ઓફ ટૉય ઈનોવેશન દ્વારા આકાશ દર્શન પણ કરાવવામાં આવ્યું હતું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિ.ના માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહ તથા યુનિવર્સિટીના કુલસચિવ ડૉ.અશોક પ્રજાપતિ તેમજ યુનિ. પરિવારના સભ્યો જોડાયા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાનિકેતનના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલે વન સંશોધન સંકુલના ડી.સી.એફ.એ.આઈ. પરમારને યુનિવર્સિટીનો લોગો આપીને સન્માનિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકેની ભૂમિકા ડૉ. શિલ્પા વાળાએ નિભાવી હતી.

મગોડી પ્રાથમિક શાળામાં પુસ્તક વાચક સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

મગોડી પ્રાથમિક શાળામાં ચિલોડા કલસ્ટર કક્ષાના પુસ્તક વાચક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને મજબૂત કરવા માટે સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે પુસ્તક વાચક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શાળાના આચાર્ય, હાઈસ્કૂલ શિક્ષક તથા ભાષા શિક્ષકે સફળ ભૂમિકા ભજવી હતી. જેમાં શાહપુર પ્રાથમિક શાળાના ધોરણ-૬માં અભ્યાસ કરતા યુગ રમેશભાઈ પટેલ પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. બીજા અને ત્રીજા ક્રમે ઈસનપુર પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની જાનકી ઠાકોર, મનીષા વિજેતા રહ્યા હતા. શાળાના આચાર્ય જયેશભાઈ બાવાએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. વિજેતા થયેલા આ વિદ્યાર્થીઓ ૨૮મીએ બીઆરસી ભવન, સેકટર-૧૨માં તાલુકા કક્ષાની પુસ્તક વાચક સ્પર્ધામાં ભાગ લેવા જશે.

શહેરની વિવિધ શાળાઓમાં બાળકોને નોટબુકનું વિતરણ કરતા નટુભાઈ મોદી

ગાંધીનગર, તા.૨૪

નટુભાઈ મોદી (ચોખાવાલા) દ્વારા શહેરની વિવિધ શાળાઓમાં બાળકોને નોટબુક વિતરણ કરવામાં આવી હતી. આ સુંદર સેવા કાર્યમાં રાજુભાઈ ઠકકર તેમજ તુલસીભાઈ રાઠોડે નોટબુક વિતરણમાં સહયોગ આપ્યો હતો. આ સુંદર કાર્ય કરવા તથા બાળકોનો ઉત્સાહ વધારવા બદલ ચીમનલાલ હંસરાજ દોશી, ડીસાના આચાર્ય રમેશભાઈ ત્રિવદી, રાજાજી ટાંક, હિતેશભાઈ દવે, ચંદુભાઈ તેમજ શાળા પરિવાર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ચાંદખેડામાં ૨૭મીએ આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૨૪

માં મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩ સીના મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો યોજાશે. જે ચાંદખેડામાં પ્રિયંકાબેનએચ. વેગડાના ઘરે સમતાનગર સોસાયટી, શાંતિધામ ફલેટની બાજુમાં ડી કેબીનમાં તારીખ ૨૭મીએ બપોરે ૧ થી ૪ વાગ્યા દરમિયાન આનંદનો ગરબો યોજાશે તો સર્વે ભકતોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આશ્કા હોસ્પિટલ દ્વારા મહાશિવરાત્રીએ નિઃશુલ્ક આરોગ્ય તપાસ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં સુપ્રસિધ્ધ જાણીતી એક માત્ર આશ્કા હોસ્પિટલ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આશ્કા હોસ્પિટલ દ્વારા મહાશિવરાત્રીના પાવન પર્વ પર નિઃશુલ્ક આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.જે ધોળેશ્વર મહાદેવના પવિત્ર સ્થળ પર સવારે ૮ થી સાંજે ૬ વાગ્યા સુધી કાર્યરત રહેશે. આ સેવાકીય પ્રવૃત્તિમાં તબીબી ડોકટરો દ્વારા મેડીકલ ચેકઅપ નિઃશુલ્ક માત્રામાં કરી આપવામાં આવશે. જેમાં ડોકટરની મૂળભૂત પરામર્શ, આંખની તપાસ, વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર, પલ્સ, હાર્ટ રેટ, બ્લડ સુગર તેમજ બોડી માસ ઈન્ડેકસ વિગેરેનો સમાવેશ થાય છે. આશ્કા હોસ્પિટલ દ્વારા સર્વે નાગરિકોને આ નિઃશુલ્ક આરોગ્ય તપાસ શિબિરનો લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. નાચી રંજનબેન કાલીદાસભાઈ, ઉ.વ. ૭૨, સેકટર-૩
- સ્વ. ગોહિલ રામબા ઉદેસિંહ, ઉ.વ. ૭૪, બોરીજ
- સ્વ. પરમાર કપીલાબેન ખોળીદાસ, ઉ.વ. ૬૮, કોલવડા
- સ્વ. સોલંકી ગાંડાજી જેણાજી, ઉ.વ. ૮૫, ડભોડા
- સ્વ. ચૌહાણ હીરાજી મોતીજી, ઉ.વ. ૬૯, સે-૨૮, છાપરાં
- સ્વ. ઋષિદેવ બેચન રૂપેન, ઉ.વ. ૪૨, પરબતપુરા, માણસા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. શાહ રમેશ તારાચંદ, ઉ.વ. ૭૦, અડાલજ
- સ્વ. જાની સુર્યપ્રસાદ ચુનીલાલ, ઉ.વ. ૮૨, સેકટર-૫
- સ્વ. શર્મા નાગેશ્વરપ્રસાદ, ઉ.વ. ૮૫, સરગાસણ
- સ્વ. પટેલ જાનીબેન રણછોડભાઈ, ઉ.વ. ૮૩, રાંદેસણ

સે-૨૧માં નવા શોપીંગ મોલ પાછળના પાર્કિંગ પ્લોટમાં દબાણો

રાજશ્રી સિનેમાની જગ્યાએ બનેલા શોપીંગ મોલ પાછળના પાર્કિંગ પ્લોટમાં ઝુંપડપટ્ટીઓ સહિતના ગેરકાયદેસર દબાણોથી વાહનચાલકોને વાહન પાર્કિંગમાં પરેશાની

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં દિનપ્રતિદિન જાહેર જગ્યાઓ પર ગેરકાયદેસર અતિક્રમણની સમસ્યા વધતી જઈ રહી છે. શહેરમાં દિવસેને દિવસે ગેરકાયદેસર ઝુંપડપટ્ટીઓમાં પણ વધારો થઈ રહ્યો છે જેના કારણે અનેક સ્થળે સામાન્ય શહેરીજનોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. શહેરના અતિ વ્યસ્ત અને ભરચક એવા સેકટર-૨૧ના ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટર વિસ્તારમાં રાજશ્રી સિનેમાની જગ્યાએ વિકસેલા શોપીંગ મોલની પાછળના ભાગે બનાવાયેલા પાર્કિંગ પ્લોટમાં પણ ઝુંપડપટ્ટી સહિતના દબાણોએ અડ્ડો જમાવતાં વાહનચાલકોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

શહેરમાં સેક્ટર-૨૧માં જુની રાજશ્રી સિનેમાની જગ્યાએ આકાર પામેલા વિશાળ શોપીંગ મોલની પાછળના ખુલ્લાં પ્લોટમાં પાર્કિંગની સુવિધા વિકસાવાઈ છે. જો કે સેક્ટર-૨૧માં ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટર સહિતના આસપાસના સમગ્ર કોમર્શિયલ વિસ્તારમાં વિકસાવેયાલા ફૂટપાથ અને પાર્કિંગ પ્લોટ વગેરેમાં ખાણીપીણીની લારીઓ, ખુમચા, ચાની કિટલીઓ, કાર-ટુવ્હિલર રીપેરીંગના ઓટો ગેરેજ સહિતના અડિંગા જોવા મળે છે પરંતુ આ પાર્કિંગ પ્લોટમાં તો ઓટો ગેરેજવાળાના અતિક્રમણ સાથે ગેરકાયદેસર ઝુંપડપટ્ટીઓએ પણ અડિંગો જમાવ્યો છે. જેના કારણે પાર્કિંગ પ્લોટમાં વાહનપાર્કિંગ કરવામાં પણ વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે. શહેરમાં દિનપ્રતિદિન વધી રહેલા વાહનોને કારણે વકરી રહેલી પાર્કિંગ સમસ્યાને નાથવા શહેરના તમામ પાર્કિંગ પ્લોટ દબાણમુક્ત કરાય તે જરૂરી બન્યું છે.